# પ્રાંતિજ તાલુકા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ધડકણ ખાતેથી ન્યાય યાત્રાનો શુભારંભ

**પૂર્વ વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધીની જન્મ જયંતિ દિવસે કોંગ્રેસની કોવિડ-૧૯ ન્યાય યાત્રાનો શુભારંભ: મૃતકોને શ્રધ્ધાંજલી અર્પી ચાર લાખની સહાય ચુકવવા માંગ કરી : વારસદારોને સરકારી નોકરી આપોની માંગ : પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ઉપસ્થિત રહ્યા હતા**



પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ધડકણ ગામેથી પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ તાલુકા સમિતિ દ્વારા કોવિડ-૧૯ ન્યાય યાત્રા નો શુભારંભ કરવામા આવ્યો હતો જેમા કોરોનાથી કોવિડ-૧૯માં મૃત્યુ પામેલ મૃતકોને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી તેમના પરિવારજનો ને રૂપિયા ચાર લાખની સહાય ચુકવવા તથા વારસદારોને નોકરી આપવા સરકાર સમક્ષ માંગ કરી હતી.

ભારતરત્ન અને પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીનીની જન્મ જયંતિના દિવસથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા કોવિડ-૧૯ ન્યાય યાત્રાનો શુભારંભ કરવામા આવ્યો હતો જેને લઈને પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા બાલિસણા જિલ્લા પંચાયત ની સીટ ધડકણ ગામથી ન્યાય યાત્રાનો શુભારંભ કરવામા આવ્યો હતો જેમા ધડકણ ખાતે કોરાનામા કોવિડ-૧૯ મા મૃત્યુ પામેલ અંદાજિત ૫૦ લોકો ને પુષ્પાંજલિ અર્પી શ્રધ્ધાંજલી અર્પી હતી અને મૃતકો ના પરિવારો ને રૂપિયા ચાર લાખની સહાય ની ચુકવણી તથા તેના વારસદારોને સરકારી નોકરી આપવા માટે સરકાર સામે માંગ કરી હતી. તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા શહેર પ્રમુખ અમરીશ ભાઈ પટેલ, તાલુકા સદસ્ય રાજ પટેલ, વિજય પટેલ, નૂતન પરમાર, સહિત કોંગ્રેસ આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# કુદરતી ગેસના ભાવ વધારાથી સાબરકાંઠાના સીરામીક ઉદ્યોગ ઉપર વધુ એક ભારણ

## કોરોના કાળમાં બેહાલ ઉદ્યોગને ફટકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

સાબરકાંઠા જિલ્લામાં કોરોના કાળમાં બેહાલ બનેલા સીરામીક ઉદ્યોગ ઉપર વધુ એક ભારણ આવ્યું છે. ગુજરાત ગેસ કંપનીએ કુદરતી ગેસના ભાવમાં વધારો કરતાં બેઠો થવા માટે માંડ પ્રયાસ કરતા સીરામીક ઉદ્યોગને વધુ એક થપાટ પડી છે. મહામંદીના સમયમાં ગેસના ભાવમાં કીલોએ રૂા.૪.૩૭ પૈસા વધારવામાં આવતાં સીરામીક ઉદ્યોગકારો સમસમી ઉઠ્યા છે. જિલ્લાના હિંમતનગર, ઈડર અને પ્રાંતિજ સહિતના વિસ્તારોમાં સીરામીક ઉદ્યોગકારોએ તબક્કાવારના અનલોક પછી વોલ તેમજ ફ્લોર ટાઈલ્સનું ઉત્પાદન શરૂ કર્યું છે પરંતુ મંદીના કારણે ઉદ્યોગને અસર થઈ છે ત્યાં હવે કુદરતી ગેસમાં થયેલો વધારો સીરામીક ઉદ્યોગની મુશ્કેલી વધારી શકે છે.

કોરોનાના દોઢ વર્ષમાં ધંધા-રોજગારો તહસ નહસ થઈ ગયા છે. વર્તમાન સમયમાં કોરોનાનું સંક્રમણ ઘટતાં રાજ્ય સરકારની ગાઈડલાઈન અનુસાર ધંધા-રોજગારોમાં પ્રાણ પુરવાનો પ્રયાસ થયો પરંતુ અનેક ઉદ્યોગોનો મૃત્યુઘંટ વાગે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. બજારમાં મંદીનો માહોલ અને ઉદ્યોગ ગૃહોમાં થતા ઉત્પાદનની માંગ ન હોવાથી અસંખ્ય નાના ઉદ્યોગકારો દેવાના બોજમાં દબાયા છે. સાબરકાંઠા જિલ્લામાં સીરામીક ઉદ્યોગ છેલ્લા કેટલાય સમયથી મંદીનો સામનો કરી રહ્યો છે. કોરોનાના કારણે ટાઈલ્સની માંગ ઘટી જતાં મોટાભાગના એકમોમાં ઉત્પાદન અટકાવી દેવામાં આવ્યું પરંતુ હવે સરકારી ગાઈડલાઈન અનુસાર ઉદ્યોગ ગૃહો ફરીથી શરૂ કરવામાં આવ્યા છે પરંતુ સીરામીક ઉદ્યોગ માટે કુદરતી ગેસમાં ભાવ વધારાની નવી મુસીબત સામે આવી છે. તાજેતરમાં મંદી પછી ટ્રકચાલકોની હડતાલમાંથી ઉદ્યોગ માંડ પાટે પડ્યો હતો ત્યાં ગેસ કંપની દ્વારા એમ.જી.ઓ. અને નોન એમ.જી.ઓ.થી જે ગેસ મેળવવામાં આવે છે તેમાં વધારો કરવામાં આવ્યો છે. ટેક્ષ સાથે આ ભાવ વધારો રૂા.૫ થતો હોવાથી સીરામીકારોને ફટકો પડવાની સંભાવના છે.

# ધનસુરા તાલુકાના બારનોલીમાં ગાયે ૨ વાછરડાંને જન્મ આપ્યો



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

ધનસુરા તાલુકાના બારનોલી ગામે ગત રોજ ગાયે એક સાથે ૨ વાછરડાંને જન્મ આપતાં પશુપાલક પરિવારમાં બેવડી ખુશીનો માહોલ છવાયો છે. પવિત્ર શ્રાવણ માસમાં જોડીયા વાછરડાના જન્મથી અન્ય ગ્રામજનો પણ હરખાયા છે. અત્યાર સુધી મહિલાઓ જોડીયાં બાળકોને જન્મ આપે તે ઘટનાઓ વધુ ચર્ચામાં રહેતી હતી પરંતુ હવે ફાંટાબાજ કુદરત પ્રાણીઓમાં પણ ક્યારેક જોડકાંને જન્મ આપી ખુશીમાં બેવડો વધારો કરી દેતી હોય છે.

# સાબરકાંઠા, અરવલ્લીના પશુઓમાં એલ.એસ.ડી. વાયરસના લક્ષણો

## કોરોના વાયરસથી રાહત થઈ ત્યાં પશુઓમાં નવો વાયરસ દેખાયો: વાયરસને વધતો અટકાવવા માટે પશુપાલન વિભાગ દોડતું થયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૨૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસથી પ્રજાને માંડ છૂટકારો મળ્યો છે ત્યાં હવે ગ્રામ્ય વિસ્તારોના પશુઓમાં ઈતરડી અને મચ્છરોથી ફેલાતા એલ.એસ.ડી. વાયરસે દેખા દીધી છે. બંન્ને જિલ્લામાં ૨૦ થી પણ વધુ પશુઓમાં નવા વાયરસના લક્ષણો દેખાતાં પશુપાલન વિભાગ દોડતું થયું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં પશુઓને એલ.એસ.ડી. વાયરસથી બચાવવા માટે તાબડતોબ પશુ ચિકિત્સા અધિકારીઓની ટીમો રવાના કરી પશુઓનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. પશુઓના શરીર ઉપર વાયરસના કારણે ઢીમચાં ઉપસી આવવાની સાથે પશુ ખોરાક લઈ શકતું નથી. જેથી જિલ્લાના પશુપાલકો ચિંતિત બન્યા છે.

ચોમાસાની સીઝનમાં એક તરફ વાયરલ બિમારીઓએ માથું ઉંચકતાં પ્રજા ડેન્ગ્યુ, મેલેરીયા સહિતના રોગમાં પટકાઈ રહી છે. ખાનગી દવાખાના બિમાર દર્દીઓથી ઉભરાવવા લાગ્યાં છે. વરસાદ ખેંચાયા પછી માનવ આરોગ્ય માટે વિપરીત હવામાન ઉભું થયું છે જેના કારણે ઘેર..ઘેર માંદગીના ખાટલા ઢળાયા છે ત્યાં હવે મૂંગા પશુઓમાં પણ રોગચાળાએ દેખા દીધી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પશુ એલ.એસ.ડી. વાયરસની ઝપેટમાં આવી જતાં પશુપાલકો ચિંતામાં મૂકાયા છે. અત્યાર સુધીમાં ૫ ગામના ૨૦ થી પણ વધુ પશુઓમાં એલ.એસ.ડી.નાં લક્ષણો જોવા મળ્યાં. ઈતરડી તેમજ મચ્છરોના કારણે આ રોગ પશુઓમાં હાવિ થતો હોવાનું પશુપાલન વિભાગના અધિકારીઓ જણાવી રહ્યા છે. બાયડ તાલુકાના પેન્ટરપુરા, માલપુર તાલુકાના ઉભરાણ તેમજ સાબરકાંઠામાં પ્રાંતિજના અમીનપુર, ધડકણ અને કેશરપુરા સહિતના ગ્રામ્ય વિસ્તારના પશુઓમાં એલ.એસ.ડી. વાયરસે દેખા દેતાં તાબડતોબ વિભાગ દ્વારા રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. એલ.એસ.ડી. વાયરસથી પશુઓનો મૃત્યુદર ઓછો હોવા છતાં વાયરસની ઝપેટમાં આવેલા પશુઓમાં તાવ તેમજ ભૂખ ઓછી લાગવી સહિતના લક્ષણો જોતાં પશુપાલકોની ચિંતા વધી છે.

### પશુઓમાં રોગચાળો દેખાતાં રસીના ૧ લાખ ડોઝ તૈયાર રખાયા

બાયડ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના દૂધાળા પશુઓમાં એલ.એસ.ડી. વાયરસે દેખા દેતાં પશુપાલન વિભાગ હરકતમાં આવ્યું છે. જિલ્લાના અન્ય વિસ્તારના પશુઓમાં આ રોગ ઝડપથી ફેલાય તે અગાઉ વિભાગ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે જેમાં ૧ લાખ જેટલા રસીના ડોઝ તૈયાર રાખવામાં આવ્યા છે. જ્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં પશુપાલન વિભાગની ટીમોએ પશુઓને રસી આપી વાયરસથી સુરક્ષિત કરવાની કામગીરી શરૂ કરી છે.

# રતનપુરાકંપાની સીમમાં યુવકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## જિલ્લામાં ઝાડ પર લટકતી લાશનો સિલસિલો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

અરવલ્લી જિલ્લામાં ઝાડ ઉપર ફાંસો ખાધેલી હાલતમાં લટકતી લાશોનો સિલસિલો યથાવત રહ્યો હોય તેમ બાયડ તાલુકાના રતનપુરાકંપાની સીમમાં દલપતપુરા ગામના ગણપતસિંહ ચંદનસિંહ પરમારનો ફાંસો ખાધેલી હાલતમાં ઝાડ પર લટકતો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી છે. તાજેતરમાં જે યુવાનના લગ્ન થયા છે તે ઘરેથી સાસરીમાં જવાનું કહી નિકળ્યો હતો પરંતુ ત્યારબાદ તેની લાશ ફાંસો ખાધેલી અવસ્થામાં મળતાં મોત અંગે તરેહ તરેહની ચર્ચાઓ શરૂ થઈ છે.

આત્મહત્યાના બનાવો ચોંકાવનારી રીતે વધી રહ્યા છે. ઘરેલું કંકાસ, આર્થિક તંગી, માનસિક ટેન્શન સહિતના અન્ય અગમ્ય કારણોસર અકાળે જીવન ટુંકાવનારાઓની સંખ્યામાં સતત વધારો ચિંતાનો વિષય બન્યો છે. બાયડ તાલુકાના દલપતપુરા ગામના પરમાર પરિવારના ગણપતસિંહ પરમારે તા.૨૪ના રોજ રતનપુરાકંપાની સીમમાં કણજીના ઝાડ ઉપર રસ્સી વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરતાં અરેરાટી વ્યાપી છે. ૩ મહિના અગાઉ ભાટપુર ગામે યુવકના લગ્ન થયા છે અને ઘરેથી સાસરીમાં જવા માટે નિકળેલા યુવાનનો મૃતદેહ સીમાડામાં ઝાડ ઉપર લટકતો જોઈ લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં. બનાવની જાણ થતાં સાઠંબા પોલીસ સ્થળ ઉપર દોડી ગઈ હતી અને મૃતદેહને ઉતારી પી.એમ. માટે હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. યુવકે અચાનક આત્મહત્યાનો માર્ગ અપનાવતાં કોઈએ તેને મરવા સુધીનું દુષ્પ્રેરણતો નથી કર્યુ ને..?? વગેરે સવાલો તપાસનો વિષય બન્યા છે. બનાવ અંગે મનહરભાઈ રેવાભાઈ પટેલની ફરિયાદના આધારે સાઠંબા પોલીસે એડી નોંધી છે.

# પ્રાંતિજના પોગલુ જય માતાજી ગુપ દ્વારા ડિવાઈડર વચ્ચોવચ ઉગી નિકળેલ ઝાડી-જાખર દુર કર્યા

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના



પ્રાંતિજના પોગલુ વળાંક મા રોડ વચ્ચોવચ આવેલ ડિવાઈડરમાં ઉગી નિકળેલ જાળી જંગલી ઝાડવા પોગલુ જય માતાજી ગુપ દ્વારા દુર કર્યો.

ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના પોગલુ જવાના વળાંક મા નેશનલ હાઈવે આઠ રોડની વચ્ચોવચ આવેલ ડિવાઈડર વચ્ચે ઉગી નિકળેલ જગલી ઝાડ, બોરડી, આંકડા ને લઈ પ્રાંતિજ તરફ થી પોગલુ તરફ જતા વાહન ચાલકોને રોડ ની વચ્ચોવચ આવેલ ડિવાઈડર મા ઉગી નિકળેલ ઝાડવાઓને લઈ ને રોડ ની સામે બાજુએ થી આવતા વાહનનો ના દેખાતા અવર નવર અકસ્માતો સર્જાતા હતા જેને લઈને ગામજનો સહિતના લોકોએ હાઈવે ઓથોરિટીમાં જાણ કરતા છતાય કોઈ પગલા લેવામા ના આવતા આખરે પોગલુ ગામમા કાર્યરત જયમાતાજી ગુપના યુવાન સભ્યો દિવસે ધંધા રોજગાર અર્થે જતા હોય છે અને રાત્રી ભેગા મળી રાત્રી ના સમયે પોગલુ વળાંક મા આવેલ ડિવાઈડર ઉપર ઉગી નિકળેલ આંકડા, બાવળ, બોરડી સહિતના જગલી ઝાડ દુર કર્યા હતા તો જયમાતાજી ગુપની આ કામગીરીને પોગલુ સહિત તાલુકાના લોકોએ તેવો ની આ કામગીરીની સરાહના કરી હતી ત્યારે જવાબદાર તંત્ર ઉઘતુ હોય તેવુ જણાઈ આવે છે.



# ભિલોડાના મુખ્ય માર્ગો પર ગાયોનાં ટોળે-ટોળાં ફરતાં હોવાથી વાહન ચાલકો પરેશાન

ભિલોડા,તા. ૨૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકા મથક ખાતે મુખ્ય ધોરીમાર્ગો પર ઠેર-ઠેર રખડતી ગાયોના ટોળે-ટોળા ફરતા હોવાથી વાહન ચાલકો અને રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે.છેલ્લા કેટલાક વર્ષોથી રખડતા પશુઓનો પ્રશ્ન જટીલ બની રહ્યો છે.અગાઉના સમયમાં પશુઓ માટે ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં ગૌચરની જમીનમાં પશુઓ ચરતા જોવા મળતા હતા.



હાલના તબક્કે ૨૧મી સદીના હાઈટેક આધુનિક યુગમાં અબોલા પશુઓ જાહેર ધોરીમાર્ગો પર અડીંગો જમાવી બેસતા હોય છે.ધોરીમાર્ગો પર ડીવાઈડર જાણે કે પશુઓની ગમણમાં ફેરવાયા હોય તેવો દશ્યો જોવા મળતા હોય છે.વાહન ચાલકો અને રાહદારીઓને અનેક વખત ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.કેટલીક વખત અબોલા પશુઓની લડાઈ-મસ્તીમાં પ્રજાજનો પણ અડફેટે કે શિંગડે ચડી જવાની ભીતી નકારી શકાતી નથી ત્યારે ધોરીમાર્ગો પર ગાયોના અડીંગા જોવા મળી રહ્યા છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે અવાર-નવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે.રખડતી ગાયો,સાંઢ,ગધેડા,કુતરાઓ સહિત ભુંડના ટોળે-ટોળા ફરતા હોવાથી ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું છે.

# આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી થઈ

ધનસુરા, તા. ૨૫

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા મા સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત સપ્તાહની ઉજવણી તારીખ ૧૯/૮/૨૧ થી ૨૫/૮/૨૧ દરમિયાન કોલેજમાં



વિવિધ કાર્યક્રમનું આયોજન થયું જેમાં સંસ્કૃતના મહાકાવ્યો રામાયણ અને મહાભારત અને મહાકવિઓના જીવન વિશે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ સ્લોક ગાન સ્પર્ધા ,ક્વિઝ સ્પર્ધા, સંસ્કૃત અને માનવ જીવન જેવા વિષયોને લઈને વ્યાખ્યાનમાળા ઓ યોજાઈ હતી જેમાં અધ્યાપકોએ વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપ્યા હતા , વિદ્યાર્થીઓ એ સંસ્કૃત સપ્તાહ ની ઉજવણી માં ઉત્સાહભેર ભાગ લીધો હતો , કોલેજના આચાર્ય ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિ નું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું, કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. સી.આર.પટેલે ઉત્સાહભેર કર્યું હતું

# મોડાસા-શામપુર રાત્રિ એસ.ટી. બસ શરૂ કરવા માંગ...

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

મોડાસા એસ.ટી. ડેપો દ્વારા કાયમી રૂટ ઉપર દોડતી રાત્રિની મોડાસા-શામપુર એસ.ટી. બસ છેલ્લા ૧ વર્ષથી કોરોનાના બહાના હેઠળ બંધ કરાયા પછી હજુ સુધી એસ.ટી. સેવા શરૂ કરવામાં ન આવતાં પંથકની પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે. એસ.ટી.ને જોડતા રૂટ ઉપરના કાયમી મુસાફરોને સાંજના સમયે ઘરે જવામાં ખાનગી વાહનોનો આશરો લેવાની ફરજ પડી રહી છે. જેથી એસ.ટી.ના જવાબદાર અધિકારીઓ ઘણા લાંબા સમયથી બંધ મોડાસા-શામપુર એસ.ટી. બસ શરૂ કરે તેવી માંગ ઉઠવા પામી છે.

**કોરોના કાળમાં બંધ એસ.ટી. બસ શરૂ ન થતાં હાલાકી**

જિલ્લામાં એસ.ટી. બસની સેવાઓ ખોળંગાતી હોય તેવું લાગી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારના અસંખ્ય રૂટ રદ કરવાના મનસ્વી નિર્ણયોથી મુસાફરોને મુશ્કેલીમાં મૂકાવવાનો વારો આવ્યો છે તેમાંય મોડાસા એસ.ટી. ડેપો દ્વારા સંચાલિત અનેક એસ.ટી. રૂટ કાં તો ઓછી આવક અથવા તો ઓછા સ્ટાફના કારણે રદ કરવામાં આવી રહ્યા છે. મોડાસા તાલુકાના શામપુરને વર્ષોથી જોડતી રાત્રિની એસ.ટી. બસ તંત્રના અધિકારીઓએ કોરોના કાળમાં બંધ કર્યા પછી ૧ વર્ષથી એસ.ટી. સેવા શરૂ કરી નથી જેથી રૂટને જોડતા ગ્રામ્ય વિસ્તારોમાં રોષ છવાયો છે. મોડાસાથી સાંજના ૭-૦૦ કલાકે ઉપડતી એસ.ટી. બસ મોડાસાથી ઉપડી હાઈવેના ગામડા તેમજ મેઢાસણ ગામ, સરડોઈ થઈ શામપુરમાં રાત્રિ રોકાણ કરતી હતી જેનો મહત્તમ મુસાફરો લાભ લેતા હતા પરંતુ એસ.ટી. સેવા બંધ કરાયા પછી વારંવાર રજૂઆતો કરવા છતાં એસ.ટી. વિભાગ દ્વારા બસ રૂટ શરૂ કરવામાં ન આવતાં આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ રજૂઆત થઈ છે.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બોખમાં ડુબી જતાં ૪૦ વર્ષના યુવાનનું મોત

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બોખમા ૪૦ વર્ષ ના યુવાન નુ ડુબી જવાથી મોત નિપજયુ હતુ

**મૃતક યુવાન ના લગ્ન પણ થયા હતા પણ દશ વર્ષ પહેલા તેની પત્ની સાથે છુટાછેડા આપ્યા હતા**


તો પ્રાંતિજ પોલીસ દ્વારા ગુનોનોંધી મૃતક યુવાન ની લાશ ને પીએમ અર્થે મોકલી આપવામા આવ્યો હતો . પ્રાંતિજ ના નાનીભાગોળ નાનો ઠાકોર વાસ મા રહેતો યુવાન મુકેશજી બાદરજી મકવાણા ઉ.વર્ષ-૪૦ કે જે અસ્થિર મગજ

**મૃતક યુવાન અસ્થિર મગજનો હોય હિંમતનગર ખાતે આવેલ આવકાર હોસ્પિટલ ખાતે તેની દવા પણ ચાલતી હતી.**

નો હોય અને તે તા.૨૪।૮।૨૦૨૧ મંગળવાર ના રોજ ધરે થી નિકળી ગયેલ હતો અને તા.૨૫।૮।૨૦૨૧ બુધવાર ની વહેલી સવારે પ્રાંતિજ માર્કંડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ બોખમા પાણી મા યુવાન ની લાશ તરતી દેખાતા આજુબાજુ મા રહેતા સહિત લોકો ધટના સ્થળે દોડી આવ્યા હતા તો દોડી આવેલ માંથી લોકો માથી પ્રાંતિજ પોલીસ અને ફાયર બ્રિગેડ ટીમ ને જાણ કરાતા પ્રાંતિજ પોલીસ તથા ફાયર બ્રિગેડ ટીમ પણ તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવ્યા હતા તો મૃતક યુવાન ને સ્થાનિક તરવૈયાઓ તથા ફાયર બ્રિગેડ ટીમ ના જવાનો દ્વારા પાણી માંથી મૃત હાલત મા બહાર કાઢ્યો હતો તો બીજીતરફ મૃતક ના પિતા તથા પરિવાર ના સભ્યો આખી રાખ શોધખોળ બાદ યુવાન ની કોઇ જગ્યાએ ભાર ના મળતા પોલીસ સ્ટેશન ખાતે યુવાન ગુમ થવાની ફરિયાદ માટે ગયા હતા પણ તે સમયે સમાચાર મળતા પરિવાર ધટના સ્થળે દોડી ગયો હતો અને યુવાન ની ઓળખ થઈ હતી તો પ્રાંતિજ પોલીસ દ્વારા મૃતક યુવાન ની લાશ ને પ્રાંતિજ સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામા આવ્યો હતો તો મૃતક ના પિતા દ્વારા પોલીસ ને જણાવ્યુ હતુ કે મૃતક યુવાન અસ્થિર મગજ નો હોય હિંમતનગર ખાતે આવેલ આવકાર હોસ્પિટલ માં તેની દવા-સારવાર ચાલતી હતી ત્યારે હાલતો પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળ ની કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી .



# ધનસુરા ચૌધરી સમાજનું ગૌરવ



ધનસુરા, તા. ૨૫

ધનસુરા ની છવી ચૌધરી ને ઈન્ટરનેશનલ ઓલ્મપેડ મેથેમેટિક્સમાં રાજ્ય માં બીજો નંબર પર આવી. ધનસુરા ચૌધરી સમાજ ના આગેવાન વિનોદભાઈ પટેલ ના દીકરા ડો રવિ ની દીકરી છવી ચૌધરી ને ઈન્ટરનેશનલ ઓલ્મપેડ મેથેમેટિક્સમાં ગુજરાત રાજ્ય માં બીજો નંબર આવ્યો હતો બીજો નંબર આવતા તેને સિલ્વર મેડલ મેળવ્યું હતું અને સમગ્ર ધનસુરા ચૌધરી સમાજ નું ગૌરવ વધારતા સૌ એ તેની આ ઉપલબ્ધિ ને લઈ અભિનંદન પાઠવ્યા હતા.

# જન્મદિને વધામણી




દિપક એમ. પટેલ (બિલ્ડર) ધનસુરા, જિ.અરવલ્લી



પાર્થ પ્રજાપતિ બાયડ, જિ.અરવલ્લી



કેતન બી. બ્રહ્મભટ્ટ (દીશા એજ્યુકેશન-અમદાવાદ) બાયડ(અમદાવાદ)



શ્રીશીવ વિનોદભાઈ પંચાલ (શ્રીજી સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



કાનવી મિતેષકુમાર પટેલ (મલ્હાર સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી

ઘરમાં રહો, સુરક્ષિત રહો

રક્તદાન મહાદાન

## અવસાન નોંધ..



બાયડ : બાયડ તાલુકાના જીતપુર ગામના પ્રવિણભાઈ એ. પટેલ (આકાર મંડપ ડેકોરેશન-બાયડ), નવનીતભાઈ એ. પટેલના માતા કમળાબેન અંબાલાલ પટેલનું નિધન થયેલ છે.